આજ્ઞાકારી જેક

એક પ્રાચીન કથા

લેખક: પોલ



આજ્ઞાકારી જેક

એક પ્રાચીન કથા







જૂના જમાનામાં જેક નામનો એક છોકરો હતો.
એ એની વિધવા માઁ સાથે એક નાની ઝૂંપડીમાં રહેતો
હતો, જે જંગલના કિનારે હતી.
એ એટલા ગરીબ હતા કે એને ખાવાનું પણ પૂરું પડતું ન
હતું. જેમ-જેમ જેક મોટો થયો તેમ-તેમ એનો ખોરાક
વધતો ગયો અને એની હાલત વધારે બદતર થતી ગઈ.

અંતે એક દિવસ માઁ એ કહ્યું, "જેક, હવે તું
મહેનત-મજૂરી કરીને તારું પેટ પોતે ભર."



"ભલે માઁ, તમે જે કહેશો એ હું કરીશ," જેકે હામી ભરી.



બીજે દિવસે જેક નજીકના ખેડૂતને ત્યાં કામે લાગ્યો.



સાંજે ખેડૂતે જેકને તેના દિવસના કામ માટે એક પેની ચૂકવી.

જેકના કપડામાં કોઈ ખિસ્સું ન હતું, કારણકે એણે પહેલા ક્યારેય પૈસા વાપર્યા ન હતા. જયારે એ ઘર તરફ ઊંચા ઘાસમાંથી પસાર થયો, ત્યારે એની પેની ક્યાંક પડી ગઈ.



જેવો એ ઘરે પહોંચ્યો, એની માઁ બોલી ઉઠી, " અરે મૂર્ખ! તને મળેલી પેની તારે ખિસ્સામાં રાખવી જોતી હતી."




"માફ કરો, માઁ! બીજી વાર હું એવું જ કરીશ."



બીજે દિવસે જેકને એક ડેરીમાં કામ મળ્યું. સાંજે ખેડૂતે જેકને એક જગમાં દૂધ આપ્યું. આજ્ઞાકારી જેકે દૂધનો જગ એના ખિસ્સામાં રાખ્યો અને ઘર તરફ રવાના થયો.







શું થયું? ઘરે પહોંચતા પહેલા
જ બધું દૂધ છલકાઈને ઢોળાઈ
ગયું.




"તું સાવ મૂર્ખ છે,"
માઁ એ કહ્યું, "તારે
દૂધનો જગ તારા
માથા પર રાખીને
લાવવો જોતો હતો."

"ભલે, માઁ. બીજી વાર
હું એવું જ કરીશ."





બીજે દિવસે દૂધવાળાએ જેકને પાછો નોકરીએ રાખ્યો. સાંજે એણે જેકને મજૂરી પેટે અડધો કિલો માખણ આપ્યું. આજ્ઞાકારી જેકે માખણને એના માથા પર રાખ્યું, એના ઉપર ટોપી પહેરી અને ઘર તરફ ચાલ્યો.



એ દિવસે બહુ ગરમી હતી અને ધીરે-ધીરે માખણ પીગળવા લાગ્યું. ઘરે પહોંચતા-પહોંચતા જેકના વાળ, ચહેરો અને જેકેટ ઓગળેલા માખણથી પીળા થઈ ગયા. "ત્રણ દિવસની મહેનત અને બદલામાં કંઈ મળ્યું નહીં!" જેકની માઁ એ બૂમ પાડી. "તારે માખણને ભીના લીલા પાંદડામાં લપેટીને હાથમાં ઉપાડીને લાવવું જોતું હતું," માઁ એ કહ્યું.



"માફ કરો, માઁ! બીજી વાર હું તમે કહ્યું છે
એમ જ કરીશ."





બીજે દિવસે જેકને એક બેકરીમાં કામ મળ્યું. સાંજે બેકરે એને પૈસાને બદલે એક કાળી બિલાડી આપી. જેકે બિલાડીને ભીના પાંદડામાં લપેટવાની બહુ કોશિશ કરી. પણ બિલાડીએ જોરથી ઘુરકિયાં કર્યાં અને પંજા મારીને ભાગી ગઈ. એની બધી કોશિશ છતાં, જેક એને રોકી શક્યો નહીં.

ઘરે પહોંચીને જેકે એની માઁ ને બધી વાત જણાવી તો માઁ ને બહુ ગુસ્સો આવ્યો. માઁ એ બૂમ પાડી, "તારે એના ગળામાં દોરડું બાંધીને એને ઘરે લાવવી જોતી હતી."



"માફ કરો માઁ! બીજી વાર તમે જેમ
કહેશો એમ કરીશ."






બીજે દિવસે જેકને એક કસાઈની દુકાનમાં કામ મળ્યું. સાંજે કસાઈએ જેકને માંસ અને હાડકાનો એક મોટો ટૂકડો આપ્યો. આજ્ઞાકારી જેકે માંસને એક દોરડાથી બાંધ્યું અને એને ખેંચીને ઘરે જવા લાગ્યો. પણ રસ્તામાં ભૂખ્યા કૂતરાઓ માંસ ખાઈ ગયા.




આ વખતે માઁ નો પારો આસમાનમાં ચઢી ગયો. "તારા જેવા મૂર્ખાને પણ એટલી સમજ હોવી જોઈએ," માઁ એ ચીસ પાડી, "તારે એને ખભા પર ઉપાડીને ઘરે લાવવું જોતું હતું."






"હજી એક વાર માફ કરો, માઁ!
આજે તમે જેમ કહ્યું છે, બીજી વાર
હું એવું જ કરીશ."




જેક હતાશ ન થયો. એ હજી
પણ ખુશ હતો. પછી જેકને
પાસેના શહેરમાં એક
તબેલામાં નોકરી મળી.



અઠવાડિયાની નોકરી પછી તબેલાના
માલિકે જેકને પગારમાં એક ગધેડો આપ્યો.
હવે જેક પાસે એની માઁ ને દેખાડવા માટે
ખરેખર એક સરસ વસ્તુ હતી!



જેકે માઁ ને જે વાયદો કર્યો હતો એ યાદ
આવ્યો. એણે ગધેડાને એના ખભા પર ઉપાડ્યો
અને એ ઘર તરફ જવા લાગ્યો.



જેકના ઘરના રસ્તામાં શહેરના સૌથી શ્રીમંત વેપારીનું ઘર હતું. એ શેઠ બહુ દુઃખી હતો. એની જોઆના નામની બહુ સુંદર એક દીકરી હતી. પણ જોઆના ન બોલી શકતી હતી, ન સાંભળી શકતી હતી, અને ન હસી શકતી હતી.




ડોક્ટરોએ શેઠને જણાવ્યું હતું કે જો એક વાર પણ જોઆના હસે, તો એની બોલવાની અને સાંભળવાની ક્ષમતા પાછી આવી જશે.




શેઠે આખા વિસ્તારમાં ઘોષણા કરાવી હતી કે જે પહેલી વ્યક્તિ એની દીકરીને હસાવશે, એની સાથે એ એની દીકરીના લગ્ન કરાવી દેશે.

જયારે જેક ધૂળિયા રસ્તા પર ગધેડાને ખભા પર ઉપાડીને જઈ રહ્યો હતો, તો એ દ્રશ્ય બહુ હાસ્યાસ્પદ હતું. ગધેડો એકધારો હવામાં લાત મારી રહ્યો હતો. અચાનક જેકને કોઈના જોરથી ખડખડાટ હસવાનો અવાજ સંભળાયો.





જેકે એનું માથું ઉપર ઉઠાવીને શેઠના સુંદર મકાન તરફ જોયું. ત્યાં એક છોકરી જેક તરફ આંગળી ઉઠાવીને કંઈક ઈશારો કરી રહી હતી. પછી એ છોકરીએ ચીસ પાડી, "પાપા, અહીં આવો, તમે જીવનમાં જોયું ન હોય એવું જોવા જેવું દ્રશ્ય છે! હા-હા! હો-હો! હા-હા! હો-હો!"



દીકરીનો અવાજ સાંભળીને શેઠ દોડીને આવ્યો. જોઆના ખીલખીલાટ હસી રહી હતી અને હવે એની બોલવાની અને સાંભળવાની ક્ષમતા પાછી આવી ગઈ હતી.



શેઠે દોડીને જેકને રોક્યો. "તારા ગધેડાને અહીં જ ઉતાર અને સીધો મારે ઘરે ચાલ. તેં મારી દીકરીની તબિયત સુધારી છે. શું તું એની સાથે લગ્ન કરીશ?"





જેક સુંદર જોઆના સાથે લગ્ન કરવા તરત તૈયાર થઈ ગયો. એ જ દિવસે બંનેના લગ્ન થઈ ગયા. એ પછી ઘણા લાંબા સમય સુધી એ ખુશી-ખુશી સાથે રહ્યા.



એ પછી જેકની માઁ એમની સાથે વૈભવી આરામથી રહેવા આવ્યા. હવે માઁ ખુશ હતા કેમકે એનો દીકરો હકીકતમાં આજ્ઞાકારી જેક હતો.





